



### દર્શન એન્જિનિયરિંગ કોલેજને પ્રથમ સ્થાન, આત્મિય કોલેજને પણ નંબર મળ્યો, બીજા ક્રમે ચેન્નઈની સવિથા એન્જિનિયરિંગ કોલેજ

# હેકાથોનનું સમાપન : રાજકોટની એન્જિનિયરિંગ કોલેજ પ્રથમ

- **ડાયરેક્ટ પમ્પિંગના કિસ્સામાં એલર્ટ કરતો સોફ્ટવેર બનાવ્યો**
- **બીજા ક્રમે ચેન્નાઈ અને ત્રીજા ક્રમે પૂણેના છાત્રો, રાજકોટની પાંચ ટીમો ઝળકી**

રાજકોટ તા, ૩૦

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા મનપાને થતી સમસ્યાઓના ટેકનિકલ નિવારણ માટે યોજેલા હેકાથોનનું ૩૬ કલાક બાદ આજે મોડી રાત્રીએ સમાપન થયું હતું. જેમાં યજમાન શહેરની કોલેજ દર્શન એન્જિનિયરીંગ કોલેજની ઈલેક્ટ્રોબ્લીટ્ઝ ટીમે પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.

ઈલેક્ટ્રોબ્લીટ્ઝ ટીમના છાત્રોએ વોટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ માટે એક સોફ્ટવેર બનાવ્યો છે જેમાં પાણી વિતરણ સમયે જો કોઈ કનેકશનમાંથી ડાયરેક્ટ પમ્પિંગ કરવામાં આવશે તો તુરંત જ એલર્ટ આપવામાં આવશે. રાજકોટ શહેર કે જ્યાં ઉનાળામાં પાણીની તંગીના સમયે ડાયરેક્ટ પમ્પિંગ નુકશાન કરે છે તેવા સંજોગોમાં આ સોફ્ટવેર કામ આવી શકે છે. વિજેતા ટીમને ૧,૨૫,૦૦૦ રૂપિયા ઈનામ તરીકે આપવામાં આવ્યા હતા.

**કૂલ ૧૩માંથી ૫ ઈનામ રાજકોટના ફાળે આવ્યા**

રાજકોટ શહેરમાં યોજાયેલા હેકાથોનમાં શહેરના છાત્રોએ સારી મહેનત અને કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું. પ્રથમ ક્રમ રાજકોટની ટીમે મેળવ્યા ઉપરાંત સ્પર્ધામાં કુલ ૧૩ ક્રમ અને એવોર્ડ જાહેર કરવામાં આવ્યા હતા જેમાં સૌથી વધુ વિજેતા પાંચ ટીમ સાથે રાજકોટ શહેર સૌથી આગળ રહ્યુ છે. દરેક કેટેગરીમાં શહેરની ટીમોએ પોતાનું સ્થાન જમાવ્યુ છે.

બીજા ક્રમે ચેન્નાઈની સવિથા એન્જિનિયરીંગ કોલેજની ટીમ ટેકએવેન્જર્સ હતી જેમણે મધ્યાહ્ન ભોજન વિભાગ માટે મોબાઈલ બેઝ્ડ વર્ચ્યુઅલ ક્લાસરૂમ સોફ્ટવેર બનાવ્યો છે. ટીમને ૧,૦૦,૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કરાયું છે. પૂણેની આર્મી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીની ટીમ સિગ્નેચર દ્વારા વોટર ડિપાર્ટમેન્ટ માટે વોટર લિકેજ આઈડેન્ટીફિકેશન એપ બદલ ૫૦,૦૦૦નું ઈનામ અપાયું છે.

ત્રણ ક્રમના વિજેતા ઉપરાંત સાત ટીમોને ૨૫,૦૦૦ પ્રતિ ટીમ કોન્સોલેશન પ્રાઈઝ અપાયા હતા. જેમાં પ્રથમ વીવીપી કોલેજ રાજકોટ(વૃક્ષો માટે જીઓ ટેગિંગ), વડોદરા વોકેશનલ યુનિવર્સિટી(યુટિલીટી મેપિંગ), આત્મીય કોલેજ રાજકોટ(ઓટોમેટીક ફ્લડ એલર્ટ), સવિથા એન્જિનિયરીંગ કોલેજ ચેન્નાઈ(સોલિડ વેસ્ટ ડમ્પિંગ એલર્ટ ઈન આજી), આર્મી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી પૂણે(આંગણવાડીના બાળકો માટે હાજરી, સ્વાસ્થ્ય પત્રક), ફેકલ્ટી ઓફ એન્જિનિયરીંગ, મારવાડી કોલેજ રાજકોટ(ડ્રેનેજ મેન હોલ ટ્રેકિંગ), સવિથા એન્જિનિયરીંગ કોલેજ ચેન્નાઈ(સિવિક મેનેજમેન્ટ)નો સમાવેશ થાય છે.

કોન્સોલેશન પ્રાઈઝ તેમજ ભાવનગરની આઈટી કંપની ઝોરોને આરએમસી માટે ચેટબોટ બનાવવા માટે સ્ટાર્ટઅપ એવોર્ડ અપાયો હતો. તેમજ સ્કૂલ કેટેગરીમાં સોફ્ટવેર બનાવવા બદલ ઈલેક્ટ્રોગેમિક ઈન્વેશન લેબ અને રાજકોટ કુમાર કોલેજ રાજકોટની ટીમને સ્કૂલ કેટેગરી એવોર્ડ અપાયો હતો.

# ગૌવંશ મોત મામલે તપાસનો ધમધમાટ

### સંસ્થાની નિષ્કાળજીના કારણે હજુ અનેક ગૌવંશ અશક્ત બનતાં મરણ પથારીએ

ફોટો । સરફરાઝ પટેલ

વિરમગામ,તા.૩૦

વિરમગામ શહેરની પાંજરાપોળ સંસ્થાના વિરપુર વીડ કેન્દ્રમાં વરસાદી પાણીનો ભરાવો થવાથી પથયારેયા કાદવ-કીચડ ગંદકીના સામ્રાજ્યમાં સપડાયેલા અહીંયા રાખવામાં આવતા ૪૫૦૦ જેટલા ગૌવંશ સહિતના પશુઓમાંથી સંસ્થાની ઘોર બેદરકારીને કારણે ત્રણસોથી વધુના મોત તેમજ સોથી વધુ ગૌવંશ અશક્ત બનતા મરણ પથારીએ પડ્યા હોવાથી ભારે અરેરાટી ફેલાઈ જવા પામી છે અને જો આ જીવોની યોગ્ય કાળજી લેવામાં નહીં આવે અને ગંદકીનું સામ્રાજ્ય ઝડપથી દૂર કરવામાં નહીં આવે તો હજુ વધુ પશુઓ મોતને ભેટે તેવા અહીંયાના દશ્યોનો અહેવાલ રવિવારના રોજ સંદેશમાં પ્રસિદ્ધ થતાં જ વીડમાં ગંદકી દૂર કરવાથી માંડીને અશક્ત તેમજ મૃત પામેલા પશુઓ સહિત સારવારની કામગીરી હાથ ધરાઈ છે. ત્યારે અહેવાલને પગલે જિલ્લામાંથી ઈન્ચાર્જ નાયબ પશુપાલક નિયામક આર.એન.પટેલ ટીમ સાથે આવી પહોંચ્યા હતા અને મુલાકાત લીધી હતી. પરંતુ સંસ્થાના ટ્રસ્ટીગણમાંથી મધ્યાહન સુધી કોઈ ફરક્યું ન હતું.

**વીરપુર વીડ કેન્દ્રમાં ત્રણસો જેટલા પશુઓના મોત થવાથી પંથકમાં હાહાકાર મચી જવા પામી છે. ત્યારે વીડમાંથી સંદેશને જાણવા મળ્યું છે કે, સંસ્થાની મુખ્ય કાર્યાલય ખાતે ટ્રસ્ટીઓને એપ્રિલ માસ ત્યારબાદ મે માસમાં જાણ કરવામાં આવી હતી કે વીડમાં કામગીરી માટે કામદારોની સંખ્યા ઓછી પડે છે તેમજ વાડામાં પડેલા ખાડા ચોમાસા પહેલાં પુરાણ કરવાની ખાસ જરૂરિયાત છે. તેમ છતાં ધ્યાન અપાયું ન હતું.**

### રવિવારની સાંજે પોલીસ દ્વારા ૩૦ વિસ્તારોમાં રેઈડ

# દારૂબંધી માટે એકસાથે 43 રેઈડ, 177 બોટલ ઝબ્બે

- **તાલીમાર્થી લોકરક્ષકોને પણ સાથે રાખવામાં આવ્યા**

રાજકોટ તા, ૩૦

રાજકોટ શહેરમાં આજે પોલીસ કમિશનરની સુચનાથી પ્રોહિબિશન ડ્રાઈવ રાખવામાં આવી હતી જેમાં ૧૭૭ બોટલ અંગ્રેજી શરાબ જપ્ત કરવામાં સફળતા મળી છે.

શહેર પોલીસે રવિવારે સાંજે ૫ કલાકે શહેરના ૩૦થી વધુ વિસ્તારોમાં ૪૩ રેઈડ કરી હતી. જેમાં ૧૩ લિટર દેશીદારૂ તેમજ ૧૭૭ નંગ અંગ્રેજી શરાબની બોટલ સહિત ૫૩૯૦૦ રૂપિયાનો માલ જપ્ત કરવામાં આવ્યો છે. ૪૩ રેઈડમાંથી ૧૭ રેઈડમાં પોલીસને કશું વાંધાજનક હાથ લાગ્યુ ન હતું. ડ્રાઈવમાં પોલીસ અધિકારી, કર્મચારી, એસઓજી ટીમ સહિત જોડાયા હતા. પ્રત્યક્ષ તાલીમના ભાગરૂપે તાલીમાર્થી લોકરક્ષકોને પણ રેઈડ દરમિયાન સાથે રાખવામાં આવ્યા હતા. દારૂબંધીનો કડક અમલ કરવા આ પ્રકારની રેઈડ આવનારા સમયમાં પણ કરવામાં આવશે તેમ શહેર પોલીસે જણાવ્યુ છે. જો કે લોકો ચર્ચાતિ વિગત મુજબ આ ડ્રાઈવ માત્ર દેખાડા પૂરતિ કરવામાં આવી હોય તેવું લાગે છે. ૪૩ જગ્યાએ દરોડ પછી માત્ર ૧૭૭ બોટલ દારૂ મળે એ વાત જ કોઈને ગળે ઉતરતી નથી.

### દુકાનદારની નજર ચૂકવી વીસ હજારની રોકડ સેરવી લીધી હતી

# પ્રોવિઝન સ્ટોરમાં હાથ મારનાર CCTVની મદદથી પકડાયો

- **રૈયારોડના ભરવાડ શખસને દબોચી પોલીસ ચોરીની રકમ કરી કબજે**
- **કેમેરાના દ્રશ્યોમાં આરોપી દશો થેલામાંથી નાણાં ચોરતો કેદ થયો**

રાજકોટ તા.૩૦

સી.સી.ટીવી કેમેરા તથા મોબાઈલ ફોન પોલીસ માટે આર્શિવાદરૂપ બન્યા છે. જ્યાં પોલીસ કે તેમના સોર્સ નબળા પડ્યા ત્યાં સી.સી.ટીવીએ પોલીસને આરોપીઓ સુધી પહોંચાડવા કે આરોપીઓ શોધી દેવામાં મહત્વની ભુમિકા ભજવી આપે છે. શહેરના કાલાવાડ રોડ પર જગન્નાથ પ્લોટ ચોકમાં આવેલા પ્રોવિઝન સ્ટોરમાં દુકાનદારની નજર ચૂકવીને માત્ર સેકન્ડોમાં જ થેલામાં પડેલી વીસ હજારની રોકડની થયેલી ચોરીનો ભેદ તાલુકા પોલીસે સી.સી.ટીવીની મદદથી ઉકેલી રૈયારોડ પરના તસ્કર દશરથ ઉર્ફે દશો ગઘુભાઈ જોગરાણા ઉ.વ.૨૦ નામના ભરવાડ શખસને વીસ હજારની રોકડ સાથે દબોચી લીધો હતો.

રૈયારોડના પી એન્ડ ટી કિડવાઈનગરમાં રહેતાં દુકાનદાર વિવેદક મોહનભાઈ નરીયાણી નામના સિંધી વેપારીએ ત્રણ દિવસ પહેલાં તાલુકા પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોતે તા.૨૭/૭ના બપોરે દુકાન પર હતા ત્યારે દુકાનમાં આવેલો માલસામાન બાજુમાં રહેલી દુકાનમાં મુકવા ગયા હતા એટલીવારમાં કાઉન્ટર પાસે રહેલાં થેલામાંથી વીસ હજારની રોકડ ચોરાઈ હતી.

ફરિયાદના આધારે જમાદાર જયેશભાઈ છૈયા, પૃથ્વીસિંહ ગોહિલે મહેનત કરીને આસપાસના સી.સી.ટીવી કેમેરા ચેક કર્યા હતા. કેમેરાના દ્રશ્યોમાં આરોપી દશો થેલામાંથી નાણાં ચોરતો કેદ થયો હતો. જેથી આજે માહિતીના આધારે કણકોટ રોડ પરથી વીસ હજારની રોકડ અને ૪૫હજારની રિક્ષા સાથે દબોચી લીધો હતો.

# 'સંદેશ'ના એજન્ટમિત્રોએ બજાવી ફરજ

## "રાજકોટના ખૂણે-ખૂણેથી લોકોની સમસ્યાનો રજૂ કર્યો દર્દનાક ચિતાર"


અક્ષર નગર


પોપટપરા નાળું


બાપા સીતારામ ચોક- મવડી


મવડી - સરદાર ચોક


મવડી ગામ - શાકમાર્કેટ

ગઈકાલે જ અમે અહીં સંદેશના વિતરકોએ ખેંચેલા ફોટગ્રાફ મૂકી લાગતા-વળગતા લોકોનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કર્યો હતો. આજે ફરી એક વખત વિવિધ વિસ્તારની સમસ્યાઓ રજૂ કરી રહ્યા છીએ.જ્યારે લોકો સમસયાથી પિડાતા હોય ત્યારે કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિનું હૈયું જરૂર કંપી ઉઠે - રાજકોટમાં વરસાદના કહેર અને ભ્રષ્ટ તંત્રવાહકોના પાપે ઠેર-ઠેર તૂટેલા રસ્તા, ઊભરાતી ગટરોથી લાખ્ખો લોકો વ્યથિત થઈ ગયા છે આવા સમયે તેની મદદે દરરોજ ખૂણે-ખૂણે પહોંચતા લોકપ્રિય દૈનિક 'સંદેશ'ના વિતરકો આવ્યા છે, જેણે અખબારોનું વિતરણ કરવાની સાથે દરેક વિસ્તારના લોકોની સમસ્યાને સમજી, આ દર્દનાક પરિસ્થિતિની તસવીરો લઈ તેને અખબારમાં રજૂ કરી તંત્રને જાગતું કરવાનું સરાહનીય કાર્ય કર્યું છે. રાજકોટના લોકોની આ પીડાનો ચિતાર રજૂ થતાં જ હવે મહાપાલિકાની ઊંઘ ઊડી છે અને તંત્ર હરકતમાં આવ્યું છે. વિતરકોએ અખબારી ધર્મ અને પ્રજાધર્મને પ્રેરક રીતે નિભાવી એક જાગૃત પ્રહરીની ભૂમિકા ભજવી છે.